....આખિર સંતકા સંત

( એક મુલાકાત - કટાર લેખક શ્રી દેવેન્દ્ર પટેલ સાથે )

---

"ગુજરાત સમાચાર" દૈનિકના "કભી કભી" ના કટાર લેખક શ્રી દેવેન્દ્રભાઈ પટેલે પ.પૂ. ગુરુદેવ શ્રી યોગભિક્ષુજીની મુલાકાત લીધેલી. તે વખતે ખાસ્સી એવી પ્રશ્નોત્તરી થયેલી તેમાંથી અતિ સંક્ષિપ્તમાં તારીખ ૧૩-૧૦-૮૯ના ગુજરાત સમાચારમાં વિગત આવેલી. જિજ્ઞાસુઓને તેમાં ખૂબ રસ પડયો અને તેના વિષે વધુ જાણવાની માંગણીઓ થઈ. તેથી તે પ્રશ્નોત્તર યથાશક્તિ અહીં આપવાનો પ્રયત્ન કરેલો છે.

અગાઉથી નક્કી કરેલા સમયે શ્રી દેવેન્દ્રભાઈ "ધર્મમેઘ" ( પૂજ્યશ્રીના નિવાસસ્થાને ) પધાર્યા. પૂજ્યશ્રીના થોડાંક પ્રેમીઓ હાજર હતા. છાણથી લીપેલા કમ્પાઉન્ડમાં એક વૃક્ષ નીચે ત્રણ-ચાર ખુરશીઓ અને થોડાં પાથરણાં પાથર્યાં હતાં. તેની સામેની બાજુએ પૂજ્યશ્રીની ખુરશી રાખી હતી. પૂજ્યશ્રી તેમના પૂજારૂમમાં હતા તેથી શ્રી દેવેન્દ્રભાઈ અને તેમની સાથે આવેલા "ગુજરાત સમાચાર"ના ચીફ રિપોર્ટર શ્રી લાભશંકરભાઈને ઝાડ નીચે ખુરશીમાં બેસાડયા અને એક ભાઈએ પૂજ્યશ્રીને તેમના આગમનની જાણ કરી. પૂજ્યશ્રી બહાર આવે તે પહેલા શ્રી દેવેન્દ્રભાઈએ મને પૂછ્યું કે આ વૃક્ષનું નામ શું? મેં ઉત્તર આપ્યો કે આ કણજીનું વૃક્ષ છે. આ વાત ચાલતી હતી ત્યાં જ પૂજ્યશ્રી બહાર આવ્યા. આવતાવેંત જ પૂજ્યશ્રીએ દેવેન્દ્રભાઈને આશિષ-પ્રસાદીરૂપે એક શાલ ઓઢાડી. દેવેન્દ્રભાઈએ પ્રશ્નસૂચક નજરે પૂજ્યશ્રી સામે જોયું. પૂજ્યશ્રીએ કહ્યું. "અમારે ઓમ્‌પરિવારમાં આ એક પ્રથા છે કે જેઓ બહુજનહિતાય-સુખાયના કાર્યમાં પ્રવૃત્ત છે તેઓનું વસ્ત્ર ઓઢાડીને સ્વાગત કરવું. અમે આપનું સ્વાગત માત્ર એટલા માટે નથી કરતા કે આપ કોઈ સંસ્થાના કાંઈક છો, પરંતુ એટલા માટે કરીએ છીએ કે સમાજના ખૂણે-ખાંચરે જે ચીથરે વીંટયાં રત્નો પડયાં છે તેને ગોતી ગોતીને, તેનો પ્રકાશ અને લાભ સમાજને મળે તેનો આપ પ્રયત્ન કરી રહ્યાં છો આ રીતે બહુજનહિતાય-બહુજનસુખાયનું કાર્ય કરી રહ્યા છો."

આટલી વાત પત્યા પછી પૂજ્યશ્રીએ દેવેન્દ્રભાઈને પૂછ્યું કે જો બહાર બેસવાનું ન ફાવે તો સૌ અંદર જઈને બેસીએ. દેવેન્દ્રભાઈએ ના પડતાં જણાવ્યું કે છાણથી લીપેલી આ ભૂમિ ઉપર અને કણજીના વૃક્ષ હેઠળ બેસવાનો તેમને ખૂબ આનંદ છે. પૂજ્યશ્રી હસતા હસતા કહે કે, "અમારા પ્રેમીઓ ઘણા સમયથી કહે છે કે કંમ્પાઉન્ડમાં પથ્થર ( લાદી ) નખાવીએ પણ અમે ના જ પાડીએ છીએ. કંપાઉન્ડને લીપાવીને જ રાખીએ છીએ. થોડા સમય પહેલાં એક ડોક્ટર સાહેબ આવેલા તેમણે કહ્યું હતું કે આ આધુનિક અણુયુગમાં જો અણુબોમ્બની અસરથી બચવું હોય તો મકાનો લીપેલા હોવા જોઈએ. કારણકે હાલમાં જ એક પરીક્ષણમાં જાણી શકાયું છે કે અણુ પરમાણુ બોમ્બની અસર ગાયનાં છાણના લીપણ ઉપર ઓછામાં ઓછી થાય છે.'

આટલી વાતચીત પછી પ્રશ્નોત્તર શરૂ થયા.

દેવેન્દ્રભાઈ : ગુરુજી! આપનો વ્યક્તિગત પરિચય જણાવવા કૃપા કરશો?

યોગભિક્ષુજી : કુટુંબનું અમારું નામ મુગટરામ; અમારા પિતાનું નામ પ્રભાશંકર બાપા; માતાનું નામ ગોદાવરી બા. અમારા માતા-પિતા બંને જણ સતયુગનાં માણસો. અમારો અભ્યાસ ફક્ત ચાર ગુજરાતી અને પાંચ હિન્દી. જન્મતિથિ આસો વદ દસમ, સં.૧૯૮૪. અમે ઓમ્‌ના પ્રેમી અને પ્રચારક તેથી અમારા પ્રેમીઓ આ તિથિને "ઓમ્‌જયંતિ"ના નામે ઊજવે છે. દેવેન્દ્રભાઈ, જે વાતો અમે પાંત્રીસ-ચાલીસ વર્ષોથી ભૂલી ગયાં હતાં તે તમે સાદ કરાવી! અત્યારે તો અમે યોગભિક્ષુ છીએ અને યોગભિક્ષુ માટે

"સબ ભૂમિ ગોપાલકી અને વિશ્વ આખું કુટુંબ" છે.

દેવેન્દ્રભાઈ : સામાન્ય જનો જે રીતનું જીવન જીવે છે: જેમકે પરણવું, પ્રજા ઉત્પન્ન કરવી અને ભૌતિક સુખો ભોગવવાં વગેરે; એથી જુદા પ્રકારનું અર્થાત્ આધ્યાત્મિક અને યોગસાધનામય જીવન જીવવાની વૃત્તિ પ્રેરણા આપને કેમ થઈ?

યોગભિક્ષુજી : આપનો પ્રશ્ન પ્રેરણાદાયી છે. જીવમાત્ર સુખ - ઘણુ સુખ અને કાયમી સુખ ઈચ્છે છે, પણ ઓછી સમજણના કારણે તે તેને મળી શકતું નથી. લગભગ પંદર-સોળ વર્ષની ઉંમરે જ અમારી બુધ્ધિએ ઉપરોક્ત સુખની શોધમાં ધમપછાડા કરવા માંડયા હતા. તે વખતે બુધ્ધિ એવા નિર્ણય ઉપર આવી કે મોટા અખાડિયન ( પહેલવાન ) કે મોટા એકટર કે મોટા યોગી થઈએ તો બધાં સુખો પ્રાપ્ત કરી શકાય. તેથી અપરિપકવ બુધ્ધિએ પ્રથમ પહેલાં બે ક્ષેત્રોમાં અજમાયેશ કરવાનો નિર્ણય લીધો અને યથાશકિત-યથામતિ તેમાં ઝંપલાવ્યું. પણ અખાડિયનોને રોગ અને દુ:ખથી રિબાતા જોયા અને એકટરોને પણ અંદરથી અતિ અશાંત અને શાંતિ માટે યોગી-સંતોના ચરણે ઢીંચણિયે પડતાં જોયા તેથી તે ક્ષેત્રમાંથી રસ ઊડી ગયો. માતા-પિતા દ્વારા મળેલાં ગર્ભસંસ્કારો અને સ્વબીજબળના કારણે હવે આધ્યાત્મપથ અને યોગપથની સુખશાંતિ આપવાની સરસાઈ શીઘ્ર સમજાણી અને તે તરફ વળી જવાયું. હવે યોગી તો બનીએ ત્યારે ખરા, અત્યારે તો યોગભિક્ષુ છીએ. ક્યારેક અનુભવી સંતો, વાતચીતના પ્રસંગે કહે છે કે યોગી કરતાં યોગભિક્ષુની ઝોળીમાં ઘણું બધું હોઈ શકે, કારણકે ઘણા બધા યોગીઓ પાસેથી યોગભિક્ષુની ભિક્ષુઝોળી યોગરહસ્યોથી ભરાઈ ગઈ હોય.

દેવેન્દ્રભાઈ : જો આપને વાંધો ન હોય તો ફિલ્મલાઈનનો કોઈ પ્રેરણાદાયી પ્રસંગ કહો.

યોગભિક્ષુજી : વાંધો તો ખૂબ છે; કારણકે સામાન્ય જનસમુદાયનો બુધ્ધિનો સ્તર નિમ્નસ્તરની વાતને શીઘ્ર પકડે તેવો હોય છે, જેમ પાણીનો સ્વભાવ ઢાળ તરફ જવાનો હોય છે. પણ તમારી ભાવના ઊંચી છે, તમે એમ માનો છો કે, આ પ્રશ્નના ઉત્તરમાંથી પ્રેરણા મળી શકશે, તેથી થોડું કહું.

એક વખત ચાલુ શૂટિંગે જ એક ભાઈ અમારા નામનો તાર લઈને આવ્યા. તારમાં લખ્યું હતું - બા બીમાર છે; જલ્દી આવો. સમાચાર જાણતાં જ શૂટિંગમાંથી રસ ઊડી ગયો. દિગ્દર્શકે સમજણ પાડી કે તમારાં બા બિમાર હોય તો જરૂર જજો પણ આજનું શૂટિંગ તો પૂરું કરો! ત્યાં સુધીમાં તો અમે બધાં વાઘા ઉતારી નાખ્યા હતા. પછી સૌને નમસ્તે કરીને વતન પહોંચી ગયા. બાને મગજની બીમારી હતી તથી તોફાને ચડી જતાં અને મારા સિવાય કોઈનું માનતાં નહિ, તેથી તેમને હાથ બાંધીને રાખેલાં. મેં જઈને તુરત હાથ છોડી નાખ્યા. બા સાજાં થયા પછી કહેતાં કે ભાઈ! એ વખતે તું જાણે પૃથ્વીમાંથી પ્રગટ થયો હોય તેવું લાગેલું! બાની અસ્થિર અવસ્થામાં તેમનાં પાછળ પાછળ એવી રીતે રખડવું પડતું કે અજાણ્યા મને જ અસ્થિર સમજી બેસતા! બસ, ત્યાર પછી ફિલ્મજગત કાયમ માટે છૂટી ગયું.

દેવેન્દ્રભાઈ! તમે તો મારો ભૂતકાળ ખરો યાદ કરાવ્યો! આથી ભૂતકાળ અને વર્તમાનકાળની સરખામણી સ્વાભાવિક રીતે જ થઈ જાય છે અને તેથી પરમાત્માના ચરણોમાં મસ્તક આપો આપ જ નમી પડે છે.

દેવેન્દ્રભાઈ : ગુરુજી! આપ મંત્ર તંત્ર કે ચમત્કારમાં માનો છો?

યોગભિક્ષુજી : અમારા ઓમ્પરિવારમાં તમે કોઈને ચમત્કાર વિષે પૂછો તો તુરત તમને સાંભળવા મળે કે ચ-મત-કર અર્થાત્ ચમત્કાર મત કર. બ્રહ્માનંદજીએ ગાયું છે કે-

જલબુંદકો લેકર દેહ રચી, સુર, માનવ, દાનવ દેહ જુદા
કામિલ કામ કમાલ કિયા તુમે ખ્યાલસે ખેલ બનાઈ દિયા.

આનાથી મોટો ચમત્કાર બીજો કયો હોઈ શકે અને છતાંય માનવીની બુધ્ધિમર્યાદાને ચમત્કૃત કરી નાખે

એવી પણ અનેક ઘટનાઓ બનતી હોય છે. યોગદર્શનમાં ત્રીજો પાદ આખો વિભૂતિનો છે. તેમાં પણ ચેતવણી આપી છે કે સિધ્ધિઓ, વ્યુત્થાન સમયે સિધ્ધિઓ છે પણ સમાધિમાં તો વિઘ્નો જ છે. કોઈ પણ ચમત્કાર કુદરતના કાનૂનની બહાર રહીને બનતો નથી. સામાન્ય મનુષ્ય વિજ્ઞાનના અપ્રચલિત નિયમને ચમત્કાર કહે છે, એ જ ચમત્કાર પચલિત બનતાં ચમત્કાર મટી જાય છે. ચમત્કાર વિષેની સૌની પોતપોતાની વ્યાખ્યા હોય છે. દેવેન્દ્રભાઈ, હું તમને પૂછું કે, "શું થાય તો તમે તેને ચમત્કાર કહો?"

દેવેન્દ્રભાઈ : હું પણ ચમત્કારમાં ખાસ માનતો નથી. પણ ઘણા સમયથી અમુક આપણું કાર્ય થયું ન હોય અને અમુક સંતના દર્શન પછી તે થઈ જાય તો તેને લોકો ચમત્કાર કહે છે.

યોગભિક્ષુજી : તમે ઘેર જાવ અને એવું કાંઈ થઈ જાય તો તમે તેને ચમત્કાર કહેશોને?

અમને ગાયત્રીમંત્રમાં ખૂબ શ્રધ્ધા અને પ્રેમ. તે મંત્રોનાં ઘણાં અનુષ્ઠાનો જુદી જુદી રીતે કરેલાં, તેથી અલૌકિક અનુભવો તો ગણ્યા ગણાય નહિ એટલા થયા અને થઈ રહ્યા છે. (પ.પૂ. ગુરુદેવ શ્રી યોગભિક્ષુજીના સાધનાકાળ દરમિયાનના ઘણા અનુભવો "મારા ગુરુદેવ" પુસ્તકમાં આપવામાં આવ્યા છે.) એક પ્રેરણાદાયી અનુભવ ટૂંકમાં કહું-

લગભગ પાંચેક વર્ષ પૂર્વે કલોલ પાસે પલિયડ ગામે ખેતરમાં "નિર્વિકલ્પ મુક્તિધામ" નામથી નવ દિવસ માટેની 'ગાયત્રી અનુષ્ઠાન સાધના શિબિર'નું આયોજન પ્રેમીઓના સહકારથી કરેલું. એ વખતના વડાપ્રધાન શ્રી મોરારજીભાઈને શિબિરના ઉદ્દ્ઘાટનનું આમંત્રણ આપેલું. તેઓએ આશીર્વાદ લખી મોકલ્યા હતા.

આયોજન ઘણું મોટું અને અમે બિલકુલ બિનઅનુભવી. તેથી મૂંઝવણ થાય કે શું થશે? કેમ થશે? શિબિરને આઠેક દિવસ બાકી રહ્યા ત્યારે પૂજારૂમમાં ખાટલા પર સૂતો હતો ત્યારે આવો અનુભવ થયો-

માથા તરફની બારીમાંથી એક હાથ પ્રવેશ્યો. મારા માથા ઉપર વ્હાલથી ફરવા લાગ્યો. મેં તે હાથને મારા બે હાથથી પકડી લીધો અને પૂછવા લાગ્યો કે તમે કોણ છો? જવાબ ના મળ્યો. તે હસ્ત મારા મસ્તક ઉપર ફરતો રહ્યો અને મારા હસ્ત તેમના હસ્ત ઉપર ફરતા રહ્યા. તે હસ્તની કોમળતાના કારણે મને મનમાં નક્કી થઈ ગયું કે તે કોઈ સ્ત્રી-હસ્ત છે. થોડી વારે તે હસ્ત પાછો ખેંચાઈ ગયો. બીજા દિવસે વિચારે ચઢેલી બુધ્ધિએ નિર્ણય કર્યો કે તે હસ્ત શ્રી ગાયત્રીજીનો વરદહસ્ત હતો. બસ, ત્યાર પછી શિબિર બાબતની મારી બધી જ મૂંઝવણો ટળી ગઈ. શિબિર ખૂબ સફળ રીતે પૂરી થઈ. સો સાધકોની અલગ અલગ રહેવાની અને જમવાની તથા બીજી બધી જ પૂરી સગવડ કરેલી છતાંય કોઈ પાસેથી નવ દિવસ સુધી એક પાઈ પણ લીધેલી નહિ. તેથી અમુક સમાચારોએ તેને સત્યુગની શિબિર કહેલી. દર નાતાલના પ્રથમ રવિવારે તે સ્થળે ઓમ્પરિવાર ધજારોહણ પર્વ ઊજવે છે. વર્ષ દરમ્યાન ઓમ્પરિવારના આવા આઠ-નવ ઉત્સવો ઊજવાય છે.

દેવેન્દ્રભાઈ : આપના પરદેશના થોડા અનુભવો સાંભળવાની ઈચ્છા છે.

યોગભિક્ષુજી : અમારા પ્રેમીઓના અતિ આગ્રહથી ત્રણેક વર્ષ પૂર્વે અમે અમેરિકા ગયેલાં. ત્યાં દસ માસ રોકાયેલા. અમારા બીજા પણ ત્રણ ભિક્ષુઓ છે. એમાંના એક શ્રી ગુરુપ્રેમભિક્ષુજીને ત્યાં હોબોકેનમાં મુખ્ય મુકામ રાખેલો. ત્યાંથી જુદાં જુદાં સ્ટેટોમાં ખૂબ ફરવાનુ થતું. ત્યાંના દેશી અને વિદેશી સર્વ ભાઈ-બહેનોએ અમને અઢળક પ્રેમ આપ્યો. ત્યાં ગાયત્રી-મારુતિ હવન કરેલો. જેની જાહેરાત ટી.વી. ઉપર આવેલી. બોંતેર કલાકનો ગાયત્રી જપયજ્ઞ કરેલો. તે બંને પ્રસંગોએ સડકો ઉપર બરફના ડુંગરો ખડકાઈ ગયેલા તોય લોકોએ જગ્યાના અભાવે સડક ઉપર ઊભા રહીને લાભ લીધેલો. વિશ્વહિન્દુપરિષદ,

હિન્દુ કોમ્યુનિટી સેન્ટર, કૃપાળુ સેન્ટર તથા બીજી અનેક જગ્યાએ અમારા વાર્તાલાપો ગોઠવાયેલા અને સૌએ ઉમળકાભેર સાંભળેલા. તે સૌએ પોતાના ખૂબ સુંદર અભિપ્રાયો પણ લખી આપ્યા છે. ( જુઓ "પૂજ્યશ્રીમાં ઈશ્વરદર્શન") વિશ્વહિન્દુપરિષદ પોતાનાં બધાં જ કેન્દ્રોમાં અમારા વાર્તાલાપો ગોઠવવા ઈચ્છતી હતી પરંતુ ભારત આવવાનો અમારો સમય થઈ ગયો હતો.

સામાન્ય લોકો જેને ચમત્કાર કહે છે તેવા પ્રસંગો પણ ત્યાં ખૂબ બન્યા. અમે તો આવાં બધામાં માનીએ નહિ અને આવું બધું બનવા લાગ્યું! અમારી બુધ્ધિ ચકરાવે ચડી ગઈ. છેવટે સમાધાન મળી ગયું કે ઓમ્ ભગવાન અમારા દ્વારા પરદેશમાં "કાંઈક" કરાવવા ઇચ્છે છે. "કાંઈક", લોકોના સહકાર વિના થઈ શકે નહિ, લોકો સહકાર તો જ આપે જો તેમની ઇચ્છાઓ પૂર્ણ થાય. લોકોને ક્યાં મોક્ષ કે ઈશ્વરદર્શન જેવી અલૌકિકતા જોઈએ છે? લોકોને તો મામૂલી ભૌતિક વસ્તુઓ મળે એટલે પ્રસન્ન! જે મોક્ષ પણ આપી શકે તેના ઘેર ભૌતિક વસ્તુનો ક્યાં તૂટો હતો? આ રીતે લોકોની ઇચ્છાઓ ઓમ્ ભગવાન દ્વારા પૂરી થઈ રહી છે એમ અમને લાગ્યું. જો હું ચમત્કાર કરી શકતો હોત તો મારા મોટાભાઈનું દસ વર્ષનું દમનું દર્દ મેં જ મટાડી દીધું ન હોત?

એક અમેરિકન પ્રોફેસર મિર્ના સ્મિથે દોઢ કલાક સુધી મુલાકાત લીધી અને પોતાનો અભિપ્રાય લખી આપ્યો કે, "જીવનમાં પ્રથમ વાર જ યોગભિક્ષુજી જેવા નિર્મળ અને નિરાભિમાની મનુષ્ય સાથે મળવાનું થયું. મને જાણે એમ લાગ્યું કે હું નઝારેથના જિસસને મળી રહી છું." ( મૂળ અંગ્રેજી પરથી )

હું બિલકુલ અંગ્રેજી જાણું નહિ, દુભાષિયા મારફત વાતો કરું. મિર્ના સ્મિથે કહ્યું કે તમારી વાતોથી મને એક મહિનાનો ડોઝ મળી ગયો. મારે દર મહિને આવા ડોઝની જરૂરત છે. તેમણે અમારા સાહિત્યનું અંગ્રેજીમાં રૂપાંતર કરવાની જરૂરત પર ભાર મૂકીને તેમાં મદદ કરવાની ઓફર કરી. વ્યોમિંગ સ્ટેટના અમેરિન યોગી નારાયણ અવધૂત સાથે પણ ખાસો પત્રવ્યહાર થયેલો, તેમણે પણ અમારા સાહિત્યનું અંગ્રેજી કરવા પર ભાર મૂકીને સહાયની ઓફર કરેલી. તેઓ ગિરનારમાં અમુક સમય રહેલા અને દત્તના ઉપાસક હતા. તેમણે એક સુંદર વાક્ય લખેલું કે, "તમારા દ્વારા, દુનિયાના લોકોને પોતાનું હૃદય પોતાનામાં અને ભારતમાં સમજવાની હવે નવેસર તક મળી છે." ( અંગ્રેજી પત્રાંશ )

ત્યાંના એક ભારતીય પ્રોફેસર "યોગભિક્ષુ - અનંતના આશીર્વાદ" એ નામથી અતિ પ્રેરણાદાયી અને વાસ્તવિક પરિચય લખી આપ્યો છે

ત્યાં સમયની ઘણી કિંમત, તેથી ટાઈમ ઈઝ મની નહિ પરંતુ ટાઈમ ઈઝ ગોડ જેવી સ્થિતિ. અમુક બાબતોમાં ત્યાંનો નૈતિક સ્તર ઘણો ઊંચો.

દેવેન્દ્રભાઈ : ઓમ્ મંત્રનું રહસ્ય અને તેની માનવીના જીવનમાં અને આધ્યાત્મમાં શું અસર છે તે જાણવાની ખૂબ જિજ્ઞાસા છે.

યોગભિક્ષુજી : આ પ્રશ્નનો ઉત્તર આપવાનું અમને ખૂબ ગમશે. "ઈશ્વર કોને કહી શકાય" એ નામના અમારા પુસ્તકમાં ઓમ્ વિષે ઘણું સમજાવ્યું છે. અહીં પણ તેના વિષે થોડી વાત કરીએ.

કલેશો, કર્મો, કર્મફળો અને વાસનાઓથી જે વિમુક્ત છે તે વિશિષ્ટ ચૈતન્ય ઈશ્વર છે, ઈશ્વર સંપૂર્ણ સર્વજ્ઞ છે; ઈશ્વર ત્રિકાલીન ગુરુઓના પણ ગુરુ છે, તેને કાળ છેદીભેદી શકતો નથી; ઈશ્વરનું નામ પ્રણવ ( ઓમ્ ) છે, ઓમ્નો સાર્થક જપ કરવાથી ચૈત્યનનો સાક્ષાત્કાર થાય છે અને અંતરાયોનો અભાવ થાય છે.

પતંજલિ મુનિએ પોતાના યોગસૂત્રમાં ઈશ્વરની ઓળખ આ રીતે આપી છે. પતંજલિ મુનિના મતે ઉપર

કહેલી વિશિષ્ટતાઓ જેમનામાં છે તે જ એક માત્ર ઈશ્વર છે, બીજા કોઈ નહિ. કોઈ પોતાને જ્યારે ઈશ્વર ગણાવે ત્યારે આ કસોટી સુંદર કામ આવે એવી છે. શાસ્ત્રોકત રીતે ઓમ્ મંત્રને સમજીએ તો તેનો પાર આવે તેમ નથી, અને છતાંય પૂર્ણ  સમજી ન શકાય અને કંટાળી જવાય. અમે તેને વહેવારિક રીતે સમજાવવાનો પ્રયત્ન કરીએ છીએ જેમકે-

વિશ્વના સમસ્ત સત્‌સાહિત્યનું અતિ સંક્ષિપ્ત સ્વરૂપ ચાર વેદ છે; વેદનું સંક્ષિપ્ત ત્રિપદા ગાયત્રી છે; ગાયત્રીનું સંક્ષિપ્ત મહાવ્યાહૃતિઓ છે; વ્યાહૃતિઓનું સંક્ષિપ્ત અ, ઉ, મ્ છે અને જ્યારે અ, ઉ, મ્ ને એક લયથી બોલીએ ત્યારે ઓમ્.. એવો ધ્વનિ કર્ણગોચર થાય છે. કાગડો કા.. બોલે છે, ભેંસ ભાં.. બોલે તો એમાં અ આવે, વિશ્વનો કોઈ પણ મનુષ્ય જે કાંઈ ધ્વનિ ઉચ્ચારે તો તેમાં અ આવે જ. આ રીતે સૌ જાણ્યેઅજાણ્યે ઓમ્‌ના જપ કરે છે, તેથી અમે સૌને ઓમ્‌પરિવારનાં ગણીએ છીએ.

ઓમ્‌ની આકૃતિ (ॐ) અને ધ્વનિ ( અઉમ્ ) એ કોઈ કપોળકલ્પિત નથી મહાપ્રલય પછી જ્યારે જગતનું ફરી સર્જન્ અ થાય છે ત્યારે એ સર્જનના પહેલા તબક્કાની ક્રિયાનો ધ્વનિ અઉમ્ ને ખૂબ મળતો હોય છે અને તે વખતે અખંડ બ્રહ્માંડનું આકાશ તે ધ્વનિની આવી (ॐ) અનંત આકૃતિ-તરંગોથી ભરેલું હોય છે, આથી અઉમ્ થી બનેલો ઓમ્ વિશ્વનો આદિ અને પ્રભાવશાળી મંત્ર છે અને ઓમ્‌ની આકૃતિ (ॐ) ને ઈશ્વરનો-પરમાત્માનો ફોટો કહી શકાય. બીજા અને ત્રીજા તબક્કામાં ઓમ્‌ની આકૃતિ ગણપતિ અને હનુમાનજી જેવી આકૃતિનું રૂપ ધારણ કરે છે. તેને પછી આપણે આંખ, કાન ઈત્યાદિ લગાવીને વધુ મનગમતી બનાવીએ છીએ. આમ પરિવર્તિત તબક્કાઓનું છેલ્લું સ્વરૂપ તે હાલનું વિશ્વ. ઉંઝામાં ઉમિયા-ઉમામાતાના મંદિરને અમે ઓમ્‌પીઠ એટલા માટે કહીએ છીએ કે ઉમા શબ્દમાં પણ ઉમઅ આવે છે.

જેમ જાણ્યેઅજાણ્યે સૌ ઓમ્‌નો જપ કરે છે તેમ સૌ  જાણ્યેઅજાણ્યે ઓમ્‌ની જ પૂજા-ઉપાસના કરે છે એમ કહી શકાય. ઓમ્‌ની આકૃતિનું સંક્ષિપ્ત સ્વરૂપ છે તેનાં ઉપરનું બિંદુ (•) દરેક સંપ્રદાયે તે બિંદુને જુદાજુદા રૂપે-રંગે અપાનાવી લીધું છે. બહેનો પણ તે બિંદુને કપાળ ઉપર મૂકે છે અને તેને અખંડ સૌભાગ્યનું ચિહ્ન માને છે. તે બિંદુ વિષેની સાચી સમજણ તેનું નામ જ અખંડ સૌભાગ્ય; નહિ કે પતિની હયાતી કે ગેરહયાતી.

ઓમ્‌ના દીર્ઘ  ઉચ્ચારનો અભ્યાસ કરવાથી બુધ્ધિ અચૂક પરિમાર્જિત થાય છે. દીર્ઘ  ઉચ્ચાર કરતી વખતે કરોડરજ્જુ ઉપર કે જ્યાં સર્વશરીરવ્યાપી સુષુમ્ણાનું મુખ્ય સ્થાન છે. ત્યાં, આંગળા રાખવાથી તેમાં થતાં સ્પંદનો સ્પષ્ટ અનુભવી શકાય છે, તે સ્પંદનોથી શરીરમાં અલૌકિક પરિવર્તનો લાવી શકાય છે, મંત્રોને અમે મુખ્ય ત્રણ વિભાગમાં મૂકીએ છીએ-

૧. કામ મંત્ર ( કેવળ ઇચ્છાઓની પૂર્તિઓ કરે, હિત-અહિત કાંઈ ન જુએ ) ૨. કામ-કલ્યાણ મંત્ર ( ઇચ્છાઓની પૂર્તિયે કરે અને કલ્યાણ પણ કરે) ૩. કલ્યાણ મંત્ર ( મુખ્યપણે કલ્યાણ કરે, ગૌણપણે ઇચ્છાની પૂર્તિ કરે)  ગાયત્રીમંત્ર કામ કલ્યાણ મંત્ર છે.

ઓમ્ કલ્યાણમંત્ર છે. તે જાપકની ઇચ્છાઓની પૂર્તિ કરે પણ ખરો અને ન પણ કરે પણ જાપકનું કલ્યાણ જરૂર કરે. જેમકે-

નોકરીમાં પગાર વધારવા માટે ઓમ્‌ના જપ કરતા હોઈએ ત્યારે ઉપરથી અકસ્માતમાં પગ ભાંગે અને નોકરી ઉપર જવાનુંય અટકે. તેથી નારાજ થઈએ. પણ બીજે દિવસે જ્યારે ખબર પડે કે પોતાની ઓફિસનું મકાન તૂટી પડ્યું અને ઘણા દટાઈ ગયા. પોતાની ગેરહાજરીના કારણે પોતે બચી ગયા. ત્યારે ખબર પડે કે ઓમ્‌ના જપથી બચી ગયા. આ તો સ્થૂળ દૃષ્ટાંત છે. કલ્યાણનો અર્થ અધ્યાત્મમાર્ગમાં સમજવાનો છે. ઓમ્ મંત્રને સર્વ મંત્રનો નાયક અને સેતુ ગણાવામાં આવે છે.

દેવેન્દ્રભાઇ : આપને કદી આશ્રમ બનાવવાની ઇચ્છા થતી નથી?

યોગભિક્ષુજી : થાય છે, પણ બહુ નહિ, પણ પ્રેમીઓ આશ્રમ માટે ખૂબ તૈયારી બતાવે છે. તેમને સૌને હવે આશ્રમની જરૂરત લાગે તે પણ સ્વાભાવિક છે, કારણકે હવે એક સંસ્થા ચાલે છે જેનો મુખ્ય ઉદ્દેશ્ય બહુજનહિતાય-બહુજનસુખાયનો છે. આપવા લાયકને અન્ન, વસ્ત્ર, દવાઓ, ફી, ચોપડીઓ, નોટબુકો વગેરે આપવાનાં કાર્યો સંસ્થા પોતાની રીતે ચાર-પાંચ વર્ષોથી કરી જ રહી છે. આ રજિસ્ટર્ડ સંસ્થાનું નામ છે ઓમ્ગુરુ પ્રેમસમર્પણધ્યાનભિક્ષુ પરિવાર ટ્રસ્ટ (ઓ. પ્રે. પ, ટ્રસ્ટ.) અમે એકલે હાથે ઓમ્પરિવારનું કાર્ય વીસેક વર્ષ સુધી કર્યું. પ્રેમીઓને એમ લાગ્યું કે વ્યવસ્થિત ટ્રસ્ટ બને તો વધુ સારું અને મોટા પ્રમાણમાં કાર્ય કરી શકાય, તેથી ટ્રસ્ટ બન્યું. ટ્રસ્ટના ચેરમેન છે, ડો. સોમાભાઈ પટેલ ઉર્ફે સદ્ગુરુસમર્પણભિક્ષુ (અમારા ત્રીજા ભિક્ષુ છે ગુરુધ્યાનભિક્ષુ, ત્રણેને પોતાના સ્વભાવ પ્રમાણે અમે આ પ્રેમયુક્ત નામો આપ્યાં છે.) ટ્રસ્ટની ઓફિસ નારણપુરામાં છે. ટ્રસ્ટ તરફથી લગભગ અમારાં સત્તર-અઢાર પ્રકાશનો બહાર પડી ચૂક્યાં છે. છેલ્લું પ્રકાશન "નિર્ઝર ઝર્યું કો ગેબથી" ઉર્ફે વિશ્વઅશાંતિનાં અતિ ગુપ્ત કારણોની મૌલિક રજૂઆત. આ પુસ્તિકાને વિશ્વના ધાર્મિક, સામાજિક અને રાજકીય ધુરંધરો તરફથી સારો પ્રતિભાવ સાંપડ્યો છે. પોતાની સંસ્થાના છાપેલા પત્ર પર લખીને માંગણી કરનારને આ પુસ્તિકા સંસ્થા તરફથી મફત મળે છે.

આશ્રમ થવો હશે ત્યારે થશે. અત્યારે તો અમે, મોટાભાઈ અને તેમનું કુટુંબ સૌ સાથે 'ધર્મમેઘ' નામના મકાનમાં રહીએ છીએ. થોડા સમય પૂર્વે અમેરિકાથી એક યોગીરાજ પોતાના બે અમેરિકન શિષ્યો સાથે 'ધર્મમેઘ' માં અમને મળવા આવેલા. અમે તેમને અમારી ૧૦'x૧૨'ની પૂજારૂમ બતાવીને કહ્યું કે-

આ જ અમારી પૂજા-ઉપાસના-સાધનારૂમ, આજ અમારી ચિંતન-મનન-નિદિધ્યાસનરૂમ, સંતો સાથેની મુલાકાત માટે પણ આ જ રૂમ; આ જ અમારો લેખન-ખંડ, અહીં જ અમારાં અઢારેક પુસ્તકો લખાયાં, ઘણાખરા અલૌકિક અનુભવો પણ અમને આ જ ખંડમાં થયા, આ જ અમારા આરામખંડ-શયનખંડ. આ રૂમમાં આ જે લાકડાનો ખાટલો રહ્યો તે જ અમારી સૂવાની પથારી અને તે જ અમારી ખુરશી. ખાટલાની બાજુની બારીની પાળી રહી તે જ અમારું ટેબલ કે જેના ઉપર અમારાં પેન-પેન્સિલ-રબર-નાની કાતર વગેરે લખવાનાં સાધનો પડયાં રહે છે.

આ બધું સાંભળીને યોગીરાજ આશ્ચર્યચકિત થઈ ગયા અને કહેવા લાગ્યા કે આટલી ઓછી જગ્યા હોવા છતાંય અને પ્રેમીઓ આશ્રમ બનાવવાનું કહે છે છતાંય તમે આશ્રમની હા નથી પાડતાં અને કયાં તેઓ કે જેમના હજારો એકર જમીન ઉપર આશ્રમો પથરાયેલા હોવા છતાંય જેમને સંતોષ નથી! અસ્તુ.

આશ્રમ નથી તોય મોજ છે અને આશ્રમ થશે ત્યારેય મોજ હશે. અત્યારે તો-

તીન ટૂક કૌપિનકો, અરુ બિન ભાજી લોન;
તુલસી રઘુવીર ઉર બસે, ઇન્દ્ર બાપડો કોન?

અને

એક સાધે સબ સધે, સબ સાધે સબ જાય;
જો તું સેવે મૂલકો, ફૂલે ફૂલે અઘાય.

એ પંક્તિઓને યાદ કરતાં કરતાં પ્રભુભજનમાં સમય નિર્ગમન થયે જાય છે. બહોત ગઈ અને થોડી રહી. અસ્તુ.

ખરી રીતે વિચારીએ તો આશ્રમની જરૂરત જ શું છે? દેશમાં ઘણાં આશ્રમો છે અને નવા નવા બની રહ્યાં છે. તેમાં આપણે એકનો વધારો જ કરવાનો છે ને? લોકોને પોતાના કલ્યાણની થોડી પણ ગરજ નથી અને સાચું કલ્યાણ એટલે શું તેની પણ તેમને ખબર નથી. લોકૈષણા માટે કામ કરનારાઓનો તૂટો નથી. અત્યારે તો એવા માણસોની જરૂરત છે; જેઓ એમ માનતા હોય કે "લોકોના કલ્યાણનો પ્રયત્ન કરવાની અને તેવું તેમને સંભળાવવાની આપણને ગરજ છે. તેનાથી આપણું કલ્યાણ થવાનું છે." આવા માણસો જ આશ્રમના પાયાની ઈંટ બની શકે.

જે સાચો આશ્રય આપે તે આશ્રમ. સાચો આશ્રય તે જ આપી શકે કે જે સહનશકિત રૂપી મંત્રને અખંડ ગુંજતો રાખી શકે અને શ્રમશકિતને મહામૂડી અને ગૌરવદાત્રી માની શકે. શ્રમશકિતરૂપી તરંગો વિના વિચારધારાઓ ગંધાઈ જાય છે અને સહનશકિતરૂપી પાણી વિના આત્મીયતા કરમાઈ જાય છે. પછી આશ્રમોમાં બચી રહે છે માત્ર સ્થૂળ અને જડ વિચારોની ભેંકાર ભૂતાવળ!

"સાપ ગયા અને લિસોટા રહ્યાં" ની જેમ આશ્રમો, મઠો અને મંદિરોના આદર્શ  સંસ્થાપકોના ગયા પછી પાછળ રહી જાય છે કેવળ શેઠિયાઓ અને વેઠિયાઓ જ. પતન અને પરાવલંબનમાંથી ઉગારવા માટે ઊભા કરવામાં આવેલા આશ્રમોમાં જ્યારે વિરુધ્ધ વર્તન થતું જોવા મળે ત્યારે જરૂર એમ થાય કે આથી આપણું ઘર શું ખોટું? અસ્તુ."

પ્રશ્નોત્તરી બાદ શ્રી દેવેન્દ્રભાઈએ પૂજ્યશ્રીની રજા માંગી ત્યારે પૂજ્યશ્રીએ તેમને પૂછ્યું કે આજની મુલાકાતમાં તેમને આનંદ આવ્યો કે નહિ? શ્રી દેવેન્દ્રભાઈ હસતા હસતા કહે "કેવળ ભૌતિક વિચારધારાવાળા મનુષ્યોથી દૂર, અહીં આ કણજીના વૃક્ષ નીચે અને આપના સાંનિધ્યમાં ખૂબ આનંદ આવ્યો."